ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૪૭ ટકા

# શહેરમાં દિવાળી સફાઈ આરંભાઈ

## દિવાળી પર્વને અનુલક્ષી ગૃહિણીઓ ઘરસફાઈ અને સજાવટમાં વ્યસ્ત

ગાંધીનગર, તા.૩૧

નવરાત્રી અને શરદપૂર્ણિમાનો તહેવાર પૂર્ણ થયો છે અને હવે દિવાળી આવવાને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે શહેરની ગૃહિણીઓ હવે ઘરની સફાઈ કરવામાં લાગી ગઈ છે પણ તેમાંય વોટસએપ પર ફરતા મેસેજને લઈને ઘણી ગૃહિણીઓ સજાગ છે કે, આ વર્ષે કોરોના છે એટલે વધુ ડસ્ટીંગ કરવું નહિ કારણકે તેનાથી શરદી થવાનો ભય રહે છે. આ ઉપરાંત આજના યંગસ્ટર્સ માને છે કે આમ ફકત દિવાળીમાં જ એક સાથે ઘરસફાઈ કરવાની પ્રથા અનુસરવાથી માંદા પડાય છે તેના કરતા રેગ્યુલર ઘરનું કામ ડિવાઈડ થઈ જાય તો આમ દિવાળી પહેલા એક સાથે ડસ્ટીંગ ન કરવું પડે.


કોરોના કાળમાં તમામ તહેવારો શહેરીજનોએ ઘરે રહીને જ ઉજવ્યા છે ત્યારે હિન્દુ ધર્મનો મુખ્ય તહેવાર દિવાળી કે જે નુતન વર્ષ છે ત્યારે તમામ એકબીજાને હળવા-મળવા ભેગા થાય છે અને આ વર્ષે કોરોનાના ડરને કારણે ઘણા ઘરની બહાર નીકળતા અચકાશે અને આજ વાતને ધ્યાનમાં લઈ શહેરની ૨૫ ટકા ગૃહણીઓ માને છે કે દિવાળી કામ કેમ કરવું આ વર્ષે મહેમાન તો આવવાના જ નથી.

જયારે અનેક ગૃહિણીઓએ જાતે જ નાનું મોટું દિવાળીને અનુલક્ષીને ઘરની સફાઈ કરવાની શરૂઆત કરી દીધી છે. ઈદએ મિલાદની શુક્રવારે જાહેર રજા અને પછી શનિ-રવિની સળંગ રજા હોવાથી ઘણાએ આ ત્રણ દિવસમાં જ દિવાળી કામ કરવાનો પ્રોજેકટ હાથમાં લઈ લીધો છે. જેના કારણે શહેરના ખાણી પીણી બજારમાં પણ ભીડ જણાઈ છે. ઘરનું કામ કરીને થાકતી ગૃહિણી જમવાનું બનાવવામાં વધુ સમય નથી વિતાવતી અને આમેય શનિ-રવિ રજાના દિવસો છે ત્યારે આખો દિવસ ઘરનું કામ કરી કંટાળી દરેક સાંજના સમયે ઘરની બહાર નીકળી જાય છે.

આમ તો કોરોનાને કારણે ફલેટના ધાબા પર ગોદડા તડકે મૂકવા જવા કરતા તમામ પોતપોતાની બાલ્કનીમાંથી જ આ કામ ચલાવી રહ્યા છે ઉપરાંત ગોદડાને ધોકા મારવા જેવા કામ કોરોનાને કારણે પડોશીઓ એકબીજાને કરવા નથી દેતા ત્યારે શહેરમાં પસ્તિવાળાની ખોટના કારણે દિવાળી ઘરકામ કરતા નીકળેલો વધારાનો સામાન એક સાથે બધા પાર્કિંગમાં ભેગો કરી રહ્યા છે.

કોરોના કાળમાં ઘરની બહાર જવાનું છે નહી અને સરકારી કર્મચારીઓ આ ત્રણ દિવસની રજામાં પોતાની પત્નિને મદદ કરાવી રહ્યા છે અને આમેય ઘરે બેસીને ટીવી જોવું તેના કરતા ઘરકામમાં મદદ થઈ જાય તો પત્નિ પણ ખુશ તેવું તેમનું કહેવું છે. આ સાથે તેઓ માસ્ક પહેરીને ડસ્ટીંગ કરી રહ્યા છે જેથી ધૂળ ગળામાં જવાથી શરદી ખાંસી ન થાય.

આમ, શહેરીજનોએ દિવાળી ઘરકામની શરૂઆત પુરતી તકેદારી સાથે કરી દીધી છે.



સરકાર અને સાથે બેંકમાં પણ શુક્રવારે જાહેર રજા સાથે શનિ-રવિની સળંગ રજા હોવાથી વાહનોની અવર જવર સાવ ઓછી થઈ ગઈ છે જેના કારણે શહેરની તમામ સરકારી ઓફિસ અને તમામ બેંકોની બહારના રસ્તા સૂમસામ જણાઈ રહ્યા છે.

# ભાટ ટોલટેક્ષ પાસેથી હત્યા કરાયેલ યુવકનો મૃતદેહ મળ્યો

## અંદાજીત ૩૦ થી ૩૫ વર્ષના યુવકના શરીર પર બ્લેક - રેડ કલરનો ચેકસવાળો શર્ટ છે

ગાંધીનગર, તા.૩૧

સરદાર પટેલ રીંગ રોડ પર ભાટ ટોલટેક્ષ પાસેથી આશરે ૩૦ થી ૩૫ વર્ષની વયના યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. શુક્રવારની રાત્રે અજાણ્યા શખ્સનો મૃતદેહ મળી આવતા તેની જાણ થતા ઈન્ફોસીટી પોલીસનો સ્ટાફ બનાવ સ્થળે પહોંચી ગયો હતો. જો કે મૃતકની ઓળખ થઈ શકી નથી, જેને પગલે ઈન્ફોસીટી પોલીસે અજાણ્યા શખ્સો વિરુધ્ધ હત્યાનો ગુનો નોંધી મૃતકના પરિવારજનો અને હત્યારાઓને પકડી પાડવા માટે તજવીજ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસને ભાટ ટોલટેક્ષ પાસેથી એક યુવકનો મૃતદેહ મળી આવતા તપાસ શરુ કરી છે. પોલીસે મૃતદેહને ચેક કરતા પેટ, છાતીની ડાબી બાજુ સહિત તિક્ષ્ણ હથિયારના ચાર જેટલા ઘા મળી આવ્યા હતા. મૃતક પાસેથી તેની ઓળખના કોઈ આધાર-પુરાવા મળી આવ્યા નથી. બનાવ અંગે પીઆઈ ડી.જી.તડવીએ મૃતદેહ મુદ્દે તપાસ શરુ કરી છે. પોલીસે મૃતક યુવકના વાલી વારસોની શોધખોળ કરવાની સાથે હત્યારાઓ સુધી પહોંચવા માટે તજવીજ શરુ કરી છે. જેને પગલે પોલીસે આસપાસના વિસ્તારમાં આવેલા સીસીટીવી કેમેરાની ચકાસણી કરી છે. અંદાજીત ૩૦ થી ૩૫ વર્ષના આસરાના યુવકના શરીર પર બ્લેક - રેડ કલરનો ચેકસવાળો શર્ટ છે પોલીસે આશંકા છે કે બહાર કયાંક યુવકની હત્યા કરાઈને મૃતદેહને ભાટ ટોલટેક્ષ પાસે ફેંકીને નાસી છુટ્યા હોવા જોઈએ. જયારે મૃતકની ઓળખ થાય બાદ જ તેના હત્યાના કારણો સહિતની માહિતી સામે આવી શકે છે.

# આજે ભાજપ દ્વારા મહાનુભાવોને શ્રદ્ધાંજલિ અર્પતો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતની રાજનીતિના ભીષ્મપિતામહ, નર્મદા ડેમ બનાવવાના સત્યાગ્રહી, ગુજરાતના તમામ ગામોને ગોકુળિયું ગામ બનાવવાના સ્વપ્રદ્રષ્ટા, ખેડૂતોના હિતરક્ષક અને દરેક સમાજના હૈયામાં વસેલા એવા આપના સૌના પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુબાપાના દુઃખદ અવસાનથી સમગ્ર ગુજરાત ઘેરા શોકની લાગણી અનુભવે છે.

તે જ રીતે ગુજરાતી સિનેમા જગતના પાર્શ્વ ગાયક સંગીતકાર અને ફિલ્મકાર એવી બે ભાઈઓની જોડી મહેશ - નરેશ કનોડિયા (બેલડી) પણ આપણી વચ્ચે નથી. તેમના નિધનથી સમગ્ર ગુજરાત અને ખાસ કરીને ગાંધીનગર મહાનગર દુઃખની લાગણી અનુભવે છે.

આ મહાનુભાવોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અર્થે નો કાર્યક્રમ સોશીયલ ડિસ્ટન્સ નું પાલન થાય તેને ધ્યાન માં રાખી ને તારીખ ૧ નવેમ્બર ને રવિવારના રોજ સાંજે ૪:૩૦ કલાકે સેકટર-૧૬ સ્થિત રંગમંચ, બ્રહ્મ સમાજ ભવન પાસે ગાંધીનગર ખાતે યોજાશે તેમ ગાંધીનગર મહાનગર ભાજપ ના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ) દ્વારા જણાવાયું છે.

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ઈ-વેસ્ટ કલેક્શન દિવાળી અભિયાન

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, ગાંધીનગર ના ઉપક્રમે ઈ-વેસ્ટ કલેકશન દિવાળી અભિયાનનું આયોજન કર્યું છે.

આપણા રોજીંદા વપરાશમાં બિનઉપયોગી થયેલ અનેક ઈલેક્ટ્રીકલ અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓ જેવી કે બલ્બ, સીએફએલ, એલઈડી, લૅમ્પ્સ, ટયૂબ લાઈટ, ટેલિવિઝન, રેફ્રિજરેટર, વૉશિંગ મશીન, એર કન્ડિશનર, કૉપીઈંગ મશીન, ઈલેક્ટ્રોનિક્સ ટાઈપરાઈટર, ટેલેક્ષ-ફેક્સ મશીન, પ્લેઈન–કોર્ડલેસ ટેલિફોન, સેલ્યૂલર ફોન, આન્સરિંગ મશીન, પ્રિન્ટર કાર્ટીઝ વગેરે ઈ-વેસ્ટ છે. ભારત સરકારે વર્ષ ૨૦૧૬ થી ઈ-વેસ્ટ મેનેજમેન્ટ નો કાયદો અમલમાં મુકેલ છે જેમાં તમામ હિત ધારકોએ ઈ-વેસ્ટના નિકાલનું વાર્ષિક રીટન ભરવું ફરજીયાત છે.

ઈ-વેસ્ટ ના નિકાલ માટે અધિકૃત રીસાયકલર ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ, અમદાવાદના સહયોગથી આગામી તા.૧ નવેમ્બર થી ૮ નવેમ્બર ૨૦૨૦ સુધી રોજ સવારે ૧૧:૦૦ થી સાંજના ૪:૦૦ દરમિયાન નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, બ્લોક નંબર-૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩,ગાંધીનગર ખાતે ઈ-વેસ્ટ સ્વીકારવામાં આવશે.

આથી તમામ નાગરિકો, કેન્દ્ર / રાજય સરકારના વિભાગો, કાર્યાલયો અને કચેરીઓ, સરકારી જાહેર સાહસો, બેંક, શૈક્ષણિક સંસ્થાઓ, મલ્ટીનેશનલ સંસ્થાઓ, ફેક્ટરીઝ અને કંપની, પેઢીઓ, જાહેર અથવા ખાનગી કંપનીઓ તેમજ હેલ્થકેર ફેસિલિટીઝ, દુકાનદારો,ઉદ્યોગો, કારખાના વગેરે સહીત તમામ હિત ધારકોને તેઓનો ઈ-વેસ્ટનો નિકાલ કરવાની આ તકનો લાભ લેવા જણાવવામાં આવે છે. જે બદલ કાયદાના અનુપાલન માટે નિયત પહોંચ પણ આપવામાં આવશે.

વધુ વિગત માટે સંપર્ક હાર્દિક મકવાણા- ૯૪૨૬૪૫૧૧૦૨, શિવાંગ પટેલ- ૯૦૯૯૩૮૨૯૩૬, યશ બોરીશા- ૯૦૯૯૨૪૦૮૧નો સંપર્ક કરવા જણાવાયું છે.

# સેકટર-૮ ખાતેથી વિદેશી દારૂની ૯ બોટલ સાથે બે ઝડપાયા

ગાંધીનગર, તા.૩૧

શહેરના વીઆપી સેકટર-૮ મહાદેવના મંદિર પાસેથી વિદેશી દારૂની ૯ બોટલ સાથે બે વ્યકતિને પોલીસે પકડી પાડ્યા હતા. સેકટર-૭ પોલીસે રૂ. ૩,૩૭૫ ની કિંમતનો ૯ બોટલ દારૂ, રૂ.૪૩૦૦ રોકડા અને ૪૦ હજારની કિમતના બે એકટીવા મળી કુલ રૂ. ૪૭,૬૭૫ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહને દારૂના વેચાણ અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે વોચ ગોઠવતા સેકટર-૮ મહાદેવ મંદિર પાસો બે એકટીવા લઈને બે વ્યકિત આવ્યા હતા. જેમાં એક વ્યકિતએ મીણીયાની કોથળી બીજા વ્યકિતને આપે તે સમયે જ પોલીસે બંનેને ઝડપી લીધા હતા. કોથળીમાંથી પોલીસને ૯ બોટલ દારૂની મળી આવી હતી. જયારે દારૂ આપનારનું નામ પુછતા સેકટર-૮ આમ્રકુંજ સોસાયટી ખાતે રહેતા નિલેશભાઈ જશવંતભાઈ પટેલ (ઉં.૫૪ મકાન નં.૩૨૨-૧) અને દારૂ લેવા માટે આવનાર સેકટર-૮ ગીંતાજલી સોસાયટી ખાતે રહેતા જીજ્ઞેશભાઈ ઉર્ફે રૂપેશભાઈ દેસાઈ (ઉં.૪૮ મકાન નં.૪૩૨-૧) હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે બંને આરોપીને પકડી પાડીને દારૂ, એકટીવા જપ્ત કરીને પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આ વ્યકિત દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યા હતા અને કેટલા સમયથી દારૂનો વેપાર કરી રહ્યા છે તે દિશામાં તપાસ શરુ કરી છે.



શિયાળાની ધીમે ધીમે શરૂઆત થઈ ચુકી છે. બજારોમાં શિયાળુ ફળોનું આગમન પણ આ સાથે જ થઈ ચુકયું છે. આ વર્ષે પડેલા વધુ વરસાદથી શાકભાજીમાં બગાડ આવતા શાકભાજીના ભાવ અધધ છે, ઉંચકાયા છે. ડુંગળી-બટેકા જેવા સામાન્ય શાકભાજીના ભાવ ૭૦ થી ૯૦ રૂપિયે કિલો સુધી પહોંચી ગયા છે. જો કે શાકભાજીના ભાવના પ્રમાણમાં ફળોના ભાવ ઓછા છે. સફરજન, દાડમ અને સંતરા જેવા ફળો ખુબ જ સસ્તા છે. હવે તો શિયાળાનું ફળ ગણાતું જામફળ બજારમાં જોવા મળી રહ્યું છે. લાલ-લીલાં જામફળ ખૂબ જ આકર્ષણ જમાવી રહ્યા છે. શિંગોડા પણ સૌને ખૂબ જ પ્રિય લાગી રહ્યાં છે.

# માહિતી ખાતાના વાહનચાલક એ.બી. રાણા વય નિવૃત્ત



ગાંધીનગર, તા.૩૧

માહિતી ખાતાના વાહનચાલક શ્રી એ બી રાણા ૨૯ વર્ષની સુદીર્ઘ સેવાઓ આપી વય નિવૃત્ત થયા છે. માહિતી પરિવારના સૌ વાહનચાલકશ્રીઓએ શ્રી રાણાને ભાવભરી વિદાય આપી હતી.

વય નિવૃત થતા શ્રી રાણાને તમામ વાહનચાલકશ્રીઓએ એમનું નિવૃત્તિ જીવન નિરોગીમય અને સ્વસ્થ રહે એવી શુભેચ્છાઓ આપીને તેમની સેવાઓને બિરદાવી હતી અને તેમની સાથેના સંસ્મરણો તાજા કરીને શ્રી રાણાની ફરજ પ્રત્યેની નિષ્ઠા તેમજ પ્રામાણિકતા ભરી કામગીરીને બિરદાવી હતી.

વિદાયમાન થતા શ્રી રાણાને સૌ મિત્રો દ્વારા શાલ ઓઢાડીને તથા શ્રીફળ અને મોમેન્ટો આપીને બહુમાન કરાયું હતું.

વિદાય થતાં શ્રી રાણાએ કહ્યું હતું કે, માહિતી ખાતાના ૨૯ વર્ષના તેમના સેવા કાળ દરમિયાન તમામ અધિકારી/કર્મચારીઓનો ખૂબ જ સારો સહયોગ મળ્યો હતો, જેના પરિણામે આજે હું આ મારી ફરજો સુપેરે બજાવી શક્યો છું. તમામ અધિકારી/કર્મચારીઓનુ શ્રી રાણાએ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ પ્રસંગે માહિતી ખાતાની વડી કચેરીના તમામ વાહનચાલકશ્રીઓએ નિવૃત્ત થતા શ્રી રાણાને શુભેચ્છાઓ આપી હતી.

# પેટ્રોલ પંપ પર ૨૪ કલાકનું કાફે ફાળવ્યું પણ પાણી ના આવતાં વેપારીની હાલત કફોડી

## સે-૬ના એચપીસીએલ પંપ પર અમુલ કાફે માટે ટેન્ડર પ્રકીયા કરીને એગ્રીમેન્ટ છતાં પાણીના અભાવે વેપારીને આર્થિક નુકસાન : વેપારીએ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી અને કંપનીએ કરાર રદ કરવાની નોટીસ આપી

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના પથિકાશ્રમ સર્કલ ઘ-૩ નજીકના સેકટર-૬ ખાતેના એચપીસીએલ કંપનીના પેટ્રોલ પંપ ઉપર કાફે બનાવવા કરવામાં આવેલી ટેન્ડર પ્રક્રિયામાં એક યુવા વેપારી દ્વારા કંપની સાથે ૨૪ કલાકનું કાફે શરૂ કરવા કરાર કર્યો હતો. જો કે કંપની દ્વારા કાફે માટે જરૂરી પાણી પુરવઠાની યોગ્ય વ્યવસ્થા પુરી ના પાડતાં વેપારી મોટું રોકાણ કરીને ફસાઈ જવા પામ્યો છે અને તેને આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. આ અંગે વેપારીએ પેટ્રોલ પંપના સંચાલકો, એચપીસીએલ કંપનીના હોદ્દેદારો સહિત ઉચ્ચ કક્ષાએ અનેક રજૂઆતો કરવા છતાં તેનો નિવેડો આવ્યો નથી બીજી તરફ પાણી જેવી પાયાની સુવિધા પુરી પાડી ના હોવાથી પોતાનો ધંધો કરી શકયો નથી તે વેપારી પાસેથી કંપની દ્વારા ભાડાની ચુકવણી બાબતે આગ્રહ રાખી વેપારીને ટર્મીનેશન નોટીસ પાઠવી દેતાં વેપારીની હાલત અત્યંત કફોડી બનવા પામી છે.

સેકટર-૬ના એચપીસીએલ કંપનીના પેટ્રોલ પંપ પર અતુલ પોન નામના વેપારી દ્વારા અતુલ્ય એન્ટરપ્રાઈસ અંતર્ગત અમુલ કાફે શરૂ કરવા યોગ્ય ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી એગ્રીમેન્ટ કરવામાં આવ્યો હતો. સળંગ ૨૪ કલાકના અમુલ કાફે માટે અતુલ પોનને કંપની દ્વારા લાયસન્સ તો આપી દેવામાં આવ્યું પરંતુ કાફે માટે જરૂરી પાણી પુરવઠો પુરો પાડવાની કોઈ વ્યવસ્થા નહોતી જેથી પાણી વગર કાફેનો ધંધો કરવો ખૂબ મુશ્કેલ હતો. થોડા સમય માટે અતુલ પોન દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા થકી કાફે ચલાવાયું અને એચપીસીએલ કંપનીને પાણી પુરું પાડવા બોર કરવાની કે અન્ય વ્યવસ્થા ગોઠવી આપવા સતત રજૂઆતો કરવામાં આવી હતી જેને અનુલક્ષીને કંપનીના જવાબદાર અધિકારીઓ દ્વારા જલ્દીથી બોર કરાવી દીઈશુ જેવા આશ્વાસન વારંવાર આપવામાં આવ્યા હતા. જો કે આ સમસ્યાનું નિરાકરણ ના આવતા વેપારીને આર્થિક નુકસાન અને માનસિક હેરાનગતિ ભોગવવી પડી રહી હતી જેથી તેણે અદાલતનું શરણું લીધું છે અને કોર્ટમાં કેસ દાખલ કરી વકીલ મારફતે નોટીસ પણ પાઠવી હતી. આ છતાં સમસ્યા નહીં ઉકેલાતા વેપારીએ ઈમેલ થકી ગૃહમંત્રીના કાર્યાલયે રજુઆત કરી તેમજ ટવીટરના માધ્યમથી પીએમઓ સુધી પોતાની આપવીતી રજુ કરી છે. કંપની દ્વારા કરારનું ઉલ્લંઘન કરીને પાણી પુરવઠો પુરો પાડવામાં ના આવતા વેપારીને ગ્રાહકોનો રોષ વહોરવો પડયો અને આર્થિક નુકશાન થતાં પેટ્રોલ પંપના મેનેજર દ્વારા જયાં સુધી પાણીની વ્યવસ્થા ના થાય ત્યાં સુધી ભાડું ભરશો નહી તેવી હૈયાધારણ પણ આપવામાં આવી હતી. પરંતુ હવે એચપીસીએલ કંપનીએ વેપારીને ભાડું ભર્યું નથી તેવા બહાના તળે ટર્મિનેશન નોટીસ આપી દેતા વેપારીની હાલત કફોડી બની જવા પામી છે.

# જીએસડીએમ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રનો ૧૧મો વાર્ષિક પ્રમાણપત્ર વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનરમાં છેલ્લા ૧૨ વર્ષથી કાર્યરત જીએસડીએમ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર ખાતે તા. ૨૭ થી ૨૯ ઓકટોબર દરમિયાન ૧૧મો વાર્ષિક પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સ્કીલ ઈન્ડિયા મિશન અંતર્ગત વિવિધ ટેકનિકલ ટ્રેડના ૪૦૦થી વધુ તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરના સેકટર-૨૨માં ઘ-૫ કોર્નર નજીક કાર્યરત જીએસડીએમ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર દ્વારા સ્કીલ ઈન્ડિયા મિશન અંતર્ગત ઓટોમોબાઈલ, ઈલેકટ્રિશિયન, ફીટર, રેફ્રિજરેશન જેવા ટેકનિકલ ટ્રેડની તાલીમ આપવામાં આવી રહી છે. આ ટેકનિકલ ટ્રેડના અગાઉના વર્ષમાં તાલીમ મેળવી સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયેલા ૪૦૦થી વધારે તાલીમાર્થીઓને સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે યોજવામાં આવેલા ૧૧મા વાર્ષિક પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમમાં પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર યોજવામાં આવ્યો હતો અને તાલીમાર્થીઓને આ પ્રસંગે ઉજજવળ કારકિર્દી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે જીએસડીએમ ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર છેલ્લા ૧૨ વર્ષથી કાર્યરત છે અને તેમાં ૧૦ હજારથી વધુ તાલીમાર્થીઓ વિવિધ ટ્રેડમાં પ્રશિક્ષણ લઈ ચુકયા છે.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. કાન્તીભાઈ પસાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬૬, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. દેસાઈ રામુભાઈ પ્રભુદાસ, ઉ.વ. ૭૩, સે-૨૩, ગાંધીનગર
- સ્વ. રાયચંદ રેવનદાસ પ્રજાપતિ, ઉ.વ. ૭૨, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ગૌરીબેન ચિનુભાઈ મહેતા, ઉ.વ. ૫૨, રાયપુર, તા. ગાંધીનગર
- સ્વ. અમીબેન રામાજી ઠાકોર, ઉ.વ. ૬૦, પાલજ, તા. ગાંધીનગર
- સ્વ. હિતેષકુમાર હસમુખલાલ રામી, ઉ.વ. ૩૯, હિંમતનગર, સાબરકાંઠા
- સ્વ. રાઠોડ રઘુજી જવાનજી, ઉ.વ. ૬૦, બોરીજ, તા. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. સોમાણી જલ્પા કિશોરકુમાર, ઉ.વ. ૨૯, અડાલજ, તા. ગાંધીનગર
- બરફીદેવી સનેહી શ્રીપદ સનેહી, ઉ.વ. ૯૭, સેકટર-૮, ગાંધીનગર